## ગુજરાત સરકાર :: અંદાજપત્ર ૨૦૨૨-૨૩

## પ્રેસનોટ-૮

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

## તારીખ ૦૩-૦૩-૨૦૨૨

### શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે ₹ ૧૪,૨૯૭ કરોડની જોગવાઇ

ઝડપી શહેરીકરણ સાથે, રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી શહેરોમાં રહે છે. સરકાર શહેરી વિસ્તારોમાં જીવનધોરણ સુધારવા માટે હાલની માળખાકીય સુવિધાઓ સાથે નવી સેવાઓનો વ્યાપ વધારવા માટે સતત પ્રયાસો કરી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે અમલમાં મુકાયેલી **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના**ને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

કેન્દ્ર સરકારની સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧ની યાદીમાં, ગુજરાત રાજ્યના ત્રણ શહેરો એટલે કે સુરત, વડોદરા અને અમદાવાદ ટોપ ૧૦ શહેરોમાં અનુક્રમે ૨જા, ૮મા અને ૧૦મા ક્રમે છે. ગાંધીનગરને દેશની સૌથી સ્વચ્છ રાજધાની જાહેર કરવામાં આવી છે.

- **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે જોગવાઇ **₹ ૫૨૦૩ કરોડ**.
- ઓક્ટ્રોય નાબૂદી વળતરમાં આગામી વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ યોજના અંતર્ગત જોગવાઇ **₹ ૩૦૪૧ કરોડ**.
- સુરતમાં તાપી નદીકાંઠાના ડેવલપમેન્ટ માટે વર્લ્ડબેંક સહાયિત **₹ ૧૯૯૧ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- ઔડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે એશિયન ડેવલપમેન્ટ બેંક સહાયિત **₹૧૯૦૦ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- ૧૫મા નાણાંપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસનાં કામો માટે અંદાજે **₹ ૬ હજાર ૫૦૦ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટેની જોગવાઇ **₹ ૧૦૬૨ કરોડ**.
- શહેરી વિસ્તારમાં નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા જોગવાઇ **₹ ૯૪૨ કરોડ**.
- મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઇટની સેવાઓ પૂરી પાડવા માટે જોગવાઇ **₹ ૭૨૨ કરોડ**.
- **સ્માર્ટ સિટી યોજના** હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો માટે જોગવાઇ **₹ ૭૦૦ કરોડ**.
- **અમૃત યોજના-૨** અંતર્ગત પાણીપુરવઠા, ગટરવ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે જોગવાઇ **₹ ૩૫૦ કરોડ**.

- શહેરી વિસ્તારોને રેલ્વે ફાટક મુકત બનાવવાના અભિયાન અંતર્ગત ઓવરબ્રીજ બનાવવા માટે જોગવાઇ **₹ ૨૭૧ કરોડ**.
- સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ જોગવાઇ **₹ ૨૨૪ કરોડ**.
- દીનદયાળ અંત્યોદય યોજના–નેશનલ લાઇવલીહુડ મિશન હેઠળ જોગવાઇ **₹૧૬૩ કરોડ**.
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને બીજા અત્યાધુનિક સાધનો પૂરા પાડવા તેમજ ૧૬ નગરપાલિકાઓમાં મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે જોગવાઇ **₹ ૧૫૭ કરોડ**.
- નગરપાલિકાઓ દ્વારા સ્ટ્રીટ લાઇટ, વોટર વર્ક્સ અને સુએઝ વર્ક માટે ૧૫૦ મેગાવોટ વીજળી બિનપરંપરાગત સ્ત્રોતોથી મેળવી ઉર્જા ક્ષેત્રે નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા માટે **₹ ૬૦૦ કરોડ**ના ખર્ચે ગૃપ કેપ્ટીવ સોલાર અને વીન્ડ એનર્જી પાર્ક સ્થાપવામાં આવશે. જે યોજના માટે જોગવાઇ **₹ ૬૦ કરોડ**.
- શહેરમાં રખડતાં તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઇ **₹ ૫૦ કરોડ**.
- વર્લ્ડબેંક સહાયિત ગુજરાત રેઝિલીયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના **₹ ૩ હજાર કરોડ**ના માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેક્ટને મંજૂરી.
- રાજ્યની અ–વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં નાગરિકોને આપવામાં આવતી જુદી–જુદી સેવાઓ તાત્કાલિક મળી શકે તે માટે સિવિક સેન્ટરો ઊભા કરવા માટે જોગવાઇ **₹ ૧૧ કરોડ**.
- આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિવિધ નગરપાલિકાઓમાં ૭૫ ઓપન જીમયુકત ગાર્ડન બનાવવા માટે જોગવાઇ **₹ ૫ કરોડ**.

*****